‘મારું એમસીએક્સ’ એ એમસીએક્સ ઈન્ડિયાની વેબસાઇટની પોર્ટફોલિયો માર્ગદર્શન સેવા છે. યુઝર તેમાં પોતાની અંગત પ્રોફાઇલ બનાવીને વ્યક્તિગત માર્કેટ વોચ તૈયાર કરી શકે છે. ‘મારું એમસીએક્સ’ની ખાસિયતો આ પ્રમાણે છે :

- વાયદા અને હાજર બજારનાં ટિકર
- વ્યક્તિગત માર્કેટ વોચ
- એમસીએક્સ સમાચાર
- એમસીએક્સ ચાર્ટ્સ

## આપની પ્રોફાઇલ બનાવવા માટેનો ક્રમ :

૧. નામ રજિસ્ટર કરાવો
૨. આપના ઇ-મેઇલ એડ્રેસ પર યુઝરનેમ અને પાસવર્ડ મેળવો
૩. લોગ ઇન કરીને તરત જ ઉપયોગ શરૂ કરી દો

## રજિસ્ટ્રેશન

રજિસ્ટ્રેશન ફોર્મનાં તમામ ખાનાં ભરવાનું ફરજિયાત છે. એક વખત યોગ્ય માહિતી આપ્યા બાદ આપને આપના ઇ-મેઇલ એડ્રેસ પર એકાઉન્ટની વિગતો મોકલવામાં આવશે.



## લોગ ઇન

આપના ઇ-મેઇલ એડ્રેસ પર લોગ ઇનની વિગતો મોકલવામાં આવે છે. યુઝર કોડ અને પાસવર્ડનો ઉપયોગ કરીને 'મારું એમસીએક્સ'માં લોગ ઇન કરો.




આપ પાસવર્ડ ભૂલી જાઓ એ સ્થિતિમાં લોગ ઇનની સ્ક્રીન પર પાસવર્ડ ભૂલી ગયા ? એ લખાણ પર ક્લિક કરો. નીચે દર્શાવેલી રીતે આપ પાસવર્ડ પાછો મેળવી શકો છો.

1. આપનો યુઝર કોડ લખો અને ત્યાર બાદ સલામતી માટેના પ્રશ્નનો જવાબ આપો.
2. આપના પૅન કાર્ડનો નંબર લખો અને આપનું નોંધાયેલું ઇ-મેઇલ એડ્રેસ આપો.

આપના ઇ-મેઇલ એડ્રેસ પર યુઝરને સંબંધિત માહિતી મોકલવામાં આવશે.

## 'મારું એમસીએક્સ'

આપનું લોગ ઇન થયા બાદ નીચે પ્રમાણેની ચાર પ્રકારની માહિતી આપ જોઇ શકશો :

1. વાયદા અને હાજર બજારનાં ટિકર
2. મારું માર્કેટ વોચ
3. એમસીએક્સ સમાચાર
4. એમસીએક્સ ચાટ્ર્સ




prepared by webdev

## ‘મારું એમસીએક્સ’ માર્કેટ વોચ

આપના માર્કેટ વોચમાં વધુમાં વધુ સાત કોન્ટ્રેક્ટ જોઇ શકાશે. કોમોડિટી અને તેના કોન્ટ્રેક્ટ પસંદ કરવા માટે મારું માર્કેટ વોચમાં વધુ કોમોડિટી ઉમેરો પર ક્લિક કરો.







આપ કોમોડિટી શોધવા માટે પ્રતીક લખોના ખાનામાં કોમોડિટીનું પ્રતીક લખી શકો છો અથવા ટપકાંવાળા ચોકઠા [...] પર ક્લિક કરીને તમામ કોમોડિટી અને તેમના કોન્ટ્રેક્ટ જોઇ શકો છો.

આપને મારું માર્કેટ વોચમાં જોઇતા હોય તે કોન્ટ્રેક્ટનાં ખાનાંમાં ટિક કરો. આપે પસંદ કરેલા કોન્ટ્રેક્ટ સાત કરતાં વધારે હશે તો આપ ઓ.કે. પર ક્લિક કરશો ત્યારે એક મેસેજ દેખાશે.

પસંદ કરાયેલા કોન્ટ્રેક્ટની સંખ્યા પાનાના છેવાડે દેખાશે. આ માહિતી આપને કોન્ટ્રેક્ટની પસંદગી કરતી વખતે મદદરૂપ થશે.

પસંદ કરાયેલા કોન્ટ્રેક્ટ ધરાવતું માર્કેટ વોચ જોવા માટે ઓ.કે. પર ક્લિક કરો.



મારું માર્કેટ વોચ

| ક્રમાંક | કોમોડિટીનું પ્રતીક | સમાપ્તિનો મહિનો | એકમ | ખૂલેલો (રૂ.) | ઉપલો (રૂ.) | નીચલો (રૂ.) | છેવટનો (રૂ.) | આગલો બંધ (રૂ.) | વોલ્યુમ (લોટમાં) | ઓઆઇ (લોટમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બદામ | ૩૦સપ્ટે.૨૦૦૬ | ૧ કિલો | ૩૨૬.૫૦ | ૩૩૨.૫૦ | ૩૨૬.૫૦ | ૩૩૦.૫૦ | ૩૨૫.૦૦ | ૬૧૪ | ૩૮૪ |
| ૨ | કાર્બન ક્રેડિટ | ૧૫ડિસે.૨૦૧૧ | ૧ મેટ્રિક ટન | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૧૩૧.૦૦ | ૧૧૬૬.૫૦ | ૪ | ૦ |
| ૩ | તાંબુ | ૩૧ઓગ.૨૦૦૬ | ૧ કિલો | ૨૪૯.૬૦ | ૨૫૧.૦૦ | ૨૪૮.૦૦ | ૨૫૦.૧૦ | ૨૪૮.૬૦ | ૧૦૧૫ | ૩૮૧૦ |
| ૪ | સીપીઓ | ૩૧ઓગ.૨૦૦૬ | ૧૦ કિલો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૬૭.૫૦ | ૩૬૪.૪૦ | ૩ | ૬ |
| ૫ | વીજળી સાપ્તાહિક | ૨૦જૂન૨૦૦૬ | ૧ મેગાવોટ અવર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦ |
| ૬ | સોનું (એમ) | ૫સપ્ટે.૨૦૦૬ | ૧૦ ગ્રામ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૪૫૮૨.૦૦ | ૧૪૬૪૮.૦૦ | ૨૪ | ૨૩ |

અપડેટનો સમય : ૧૧ જૂન ૨૦૦૬ ૧૧:૪૨:૪૦ વધુ કોમોડિટી ઉમેરો

આપ પસંદ કરેલો કોન્ટ્રેક્ટ રદ કરવા ઇચ્છતા હો તો ચોકડી પર ક્લિક કરો. કોન્ટ્રેક્ટ ઉમેરવા માટે વધુ કોમોડિટી ઉમેરો પર ક્લિક કરો.

જો માર્કેટ વોચમાં ખૂલેલો, ઉપલો, નીચલો, છેવટનો ભાવ, વોલ્યુમ અને ઓપન ઇન્ટરેસ્ટ શૂન્ય દેખાતા હોય તો તેનો અર્થ એવો કે આપે પસંદ કરેલા કોન્ટ્રેક્ટમાં હજી સુધી ટ્રેડિંગ થયું નથી. તેવો કોન્ટ્રેક્ટ **કાળી** પટ્ટીમાં દેખાશે.

ફક્ત છેવટનો ભાવ અને આગલો બંધ ભાવ દેખાતા હોય તેનો અર્થ એવો કે સંબંધિત દિવસે તે કોન્ટ્રેક્ટમાં ટ્રેડિંગ થયું નથી. તેવો કોન્ટ્રેક્ટ ગ્રે પટ્ટીમાં દેખાશે.

દરેક ભાવ દેખાતો હોય તેનો અર્થ એવો કે કોન્ટ્રેક્ટમાં ટ્રેડિંગ થઇ રહ્યું છે. તેવો કોન્ટ્રેક્ટ **બ્લ્યૂ** પટ્ટીમાં દેખાશે.

છેવટના ભાવમાં **લાલ** રંગ ઘટાડો અને લીલો રંગ વધારો સૂચવે છે.

એમસીએક્સના સમાચારમાં નવી જાણકારી આપવામાં આવશે.

એમસીએક્સના ચાર્ટ્સમાં આપની પસંદગીની કોમોડિટીમાંથી જેમાં સૌથી વધારે સોદા પડ્યા હશે તેનો ચાર્ટ દેખાશે. આપની પસંદગીની કોમોડિટીમાં સોદા નહીં પડ્યા હોય તો એક્સચેન્જમાં જેના સૌથી વધારે સોદા પડ્યા હશે તેનો ચાર્ટ દેખાશે.

આપ પ્રોફાઇલમાં ફેરફારના વિકલ્પ પર ક્લિક કરીને તે આવશ્યક ફેરફાર કરી શકશો અને પાસવર્ડ બદલવા માટે પાસવર્ડ બદલો પર ક્લિક કરો.